ક્રમાંક/જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/એકાઉન્ટ/સર્વિસ ચાર્જ/ ૪૧

ગુજરાત ઔધોગિક વિકાસ નિગમ,
વડી કચેરી, ઉધોગભવન, ગાંધીનગર.
તારીખ::- ૦૩-૧૦-૨૦૧૨

# -::- પરિપત્ર -::-

**વિષયઃ- નિગમની જુદીજુદી વસાહતોમાં સર્વિસ ચાર્જ નકકી કરવાની નિતી અંગે ફેરવિચારણા બાબત**

**સર્દભઃ- પરિપત્ર ક્રમાંક- જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/ એકાઉન્ટ/ સર્વિસ ચાર્જ/ ૫૦/૯૯ તા.૧૩-૧૨-૧૯૯૯**

નિગમની જુદીજુદી વસાહતોમાં સર્વિસ ચાર્જ નકકી કરવાની નિતી બાબતે ઉપરોક્ત સંર્દભદર્શિત પરિપત્ર અમલમાં છે.

ઉપરોક્ત નિતી સંર્દભે એફ.આઈ.એ. સાથે તા.૨૮-૯-૨૦૧૨ ના રોજ યોજાયેલ બેઠકના સંર્દભમાં સર્વિસ ચાર્જ નકકી કરવાની નિતી અંગે ફેરવિચારણા કરવા તા.૨૯-૯-૨૦૧૨ ના રોજ યોજાયેલ નિગમની ૪૬૮મી સભામાં કાર્યસુચિ ક્રમાંક-૯-હિસાબ-૪૬૮ સાદર કરવામાં આવેલ

જેમાં લેવાયેલ નિર્ણય મુજબ

૧) હાલ અગાઉના વર્ષમાં થયેલ ખર્ચ ઉપર ૧૫% ઉપરવટ ખર્ચ ગણવાની જે નિતી અમલમાં છે તેમાં ફેરફાર કરીને સને ૨૦૧૩-૧૪ ના વર્ષથી ૧૦% ઉપરવટ ખર્ચ ગણતરીમાં લેવા.

૨) હાલની નિતી પ્રમાણે નિગમે કરેલ ખર્ચના ૧૫% વ્યાજ ફિકસ દરે લેવામાં આવે છે તેમાં ફેરફાર કરીને સને ૨૦૧૩-૨૦૧૪ થી જે તે વર્ષમાં જી.આઈ.ડી.સી. ધ્વારા નિયત કરવામાં આવેલ પ્રર્વતમાન વ્યાજના દર મુજબ વ્યાજ ગણવાનુ રહેશે.

૩) ઉપરોક્ત ફેરફારો સિવાય સર્વિસ ચાર્જ નકકી કરવાની તારીખ તા.૧૩-૧૨-૯૯ ના પરિપત્રથી જારી કરવામાં આવેલ નિતી યથાવત રાખવામાં આવે છે.

સહી/-
**ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક**

પ્રતિ,
નિગમના તમામ વિભાગીય પ્રબંધકશ્રી/ તમામ પ્રાદેશિક મેનેજરશ્રી
નિગમના તમામ કાર્યપાલક ઈજનેરશ્રી
ડીવીઝનલ એકાઉન્ટન્ટ / હિસાબી અધિકારી/શ્રેયાન હિસાબી અધિકારી
ના.મખ્ય હિસાબી અધિકારી...તરફ જાણ સારુ અને જુરી કાર્યવાહી અર્થે
મુખ્ય ઈજનેરશ્રી...તરફ જાણ સારુ તથા ઉપરોક્ત સુધારા ધ્યાને લઈ સર્વિસ ચાર્જ નકકી કરવાની કાર્યવાહી થાય તે મુજબ જરુરી સુચનાઓ આપની કક્ષાએથી આપવા સારુ.
નિગમના તમામ ખાતાના વડાશ્રીઓ તરફ જાણ સારુ.

**નકલ રવાનાઃ-**

૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોશીએશન...તરફ જાણ સારુ.(સબંધિત પ્રાદેશિક મેનેજરશ્રીએ ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોશીએશનને નકલ રવાના કરવાની રહેશે.)

૨) પ્રમુખશ્રી, વસાહતના ઈન્ડસ્ટ્રીઝ એસોશીએશન તરફ જાણ સારુ.(સબંધિત પ્રાદેશિક મેનેજરશ્રીએ ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોશીએશનને નકલ રવાના કરવાની રહેશે.)

રવાના કર્યુ
M Pathak
જનરલ મેનેજર(ઈએન્ડએ)